## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




ઉભા રહો બહેન... આ કોકપીટ છે... શનીદેવ મંદિર કે હાજીઅલી દરગાહ નથી...!!

# શહેરની હોસ્પિટલમાં સિકયુરીટી અને હાઉસકિંપીગના ટેન્ડરની વાત અદ્ધરતાલ

**પાર્કીંગનું ટેન્ડર બહાર પડાયું : હોસ્પિટલમાં બાયોમેડીકલ ઈન્સ્ટ્રુમેન્ટ અને કોમ્પ્યુટર ઈક્વિપમેન્ટની જાળવણી અંગે પણ ટેન્ડર પાડવામાં આવ્યા**

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર હોસ્પિટલ તંત્ર દ્વારા તાજેતરમાં પાર્કીંગ, કોમ્પ્યુટર ઈક્વિપમેન્ટ અને બાયોમેડીકલ ઈન્સ્ટુમેન્ટના સાધનોની જાળવણી અંગેના ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે. આ ટેન્ડર ખરીદીને આગામી તા.૧૫ સપ્ટેમ્બર સુધીમાં ભરીને પરત આપવાના છે. ત્યારબાદ નવી એજન્સી હોસ્પિટલને તંત્રને સતાવતી પાર્કીંગની સમસ્યાનું નિરાકરણ લાવશે. જયારે હોસ્પિટલમાં છેલ્લા ઘણા સમયથી કવાયત તેજ કરવામાં આવી હતી તે કેન્ટીન, લોન્ડ્રી, હાઉસકિંપીગ અને સિકયુરીટી ના ટેન્ડરની વાત વિસરાઈ ગઈ હોય તેવું લાગી રહ્યું છે.

પ્રાપ્ત વિગત મુજબ ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી દ્વારા સંચાલિત ગાંધીનગર હોસ્પિટલમાં વિવિધ કામગીરીને લઈ ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જેમાં પાર્કીંગ, બાયોમેડીકલ અને કોમ્પ્યુટર ઈન્સ્ટુમેન્ટ તેમજ ઈક્વિપમેન્ટનો સમાવેશ થાય છે.હોસ્પિટલમાં આવેલા પાર્કીંગનો પ્રશ્ન છેલ્લા ઘણા સમયથી હોસ્પિટલમાં આવતા લાભાર્થીઓ માટે માથાના દુખાવા સમાન બન્યો હતો. આડેધડ વાહન પાર્ક થતા એમ્બ્યુલન્સ તેમજ અન્ય નાગરીકોને પણ ભારે અગવડતાનો સામનો કરવો પડે છે. ત્યારે તેની સાથે તમામ કોમ્પ્યુટર ઈક્વિપમેન્ટ તેમજ બાયોમેડીકલ ઈન્ટુમેન્ટના સાધનોની મરામત તેમજ નિયમિત



સર્વિસ મળી રહે તે માટેના ટેન્ડરનો સમાવેશ થાય છે. હોસ્પિટલ તંત્રની કચેરી ખાતેથી ટેન્ડર ખરીદીને તા. ૧૫ સપ્ટેમ્બર સુધીમાં નિયત ફી સાથે જે તે એજન્સીને પરત કરવાના રહેશે. આ ફોર્મ ખરીદી માટે મોટીસંખ્યમાં ખાનગી એજન્સીઓએ ઉત્સાહ દાખવ્યો છે. ત્યારે આગામી માસના અંત સુધીમાં જે એજન્સીનું ટેન્ડર ખુલશે તે એજન્સી હોસ્પિટલમાં કાર્યરત થઈ જશે અને કામગીરી સંભાળશે. જયારે હોસ્પિટલના તંત્રમાં છેલ્લા ઘણા સમયથી સિકયુરીટી અને હાઉસકિંપીગના કોન્ટ્રાકટને લઈ કવાયત તેજ કરવામાં આવી છે. પરંતુ આ બે ટેન્ડરની વાત અત્યારે હાલ પુરતી અધ્ધરતાલ થઈ હોય તેવું લાગી રહ્યું છે.

## ખૂણે ખાંચરેથી...

● રાજયમાં ૧૦૮ની સેવા આજે નવ વર્ષ પૂર્ણ કરી રહી છે.

● રાજય સરકારના પેન્શનર/કુટુંબ પેન્શનરના ડેટા બેઝ સાથે આધાર કાર્ડનો નંબર લીંક કરીને જ ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર કરવામાં આવશે તેવા સરકારના નિર્ણયને પગલે પેન્શનરો પરેશાન કારણ કે ઘણા સ્થાનો પર પેન્શનરની ફિંગર પ્રિન્ટ આવતી જ નથી.

● ગાંધીનગર જિલ્લામાં આજથી મેલેરિયાના કેસો શોધવા માટે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરીનો આરંભ થશે.

● ગાંધીનગર શહેરમાં આજે એકાદશી અને રવિ યોગ હોવાથી શિવભક્તોની શિવમંદિરોમાં ભારે ભીડ જોવા મળતી હતી.

● ૪થી સપ્ટે. ૨૦૧૬ના રોજ સ્વ. નલિન ભટ્ટની ત્રીજી વાર્ષિક પુણ્યતિથિએ ફિલ્મ ''આનંદ''ના ખાસ શૉ નું આયોજન વડોદરા ખાતે કરવામાં આવ્યું છે.

● ગાંધીનગર શહેરમાં સવારે વરસાદી ફોરા અને બપોરના હળવા વરસાદથી વાતાવરણમાં થોડોક બદલાવ આવ્યો છે. પરંતુ હજુ ઉકળાટ તો યથાવત જ રહેવા પામ્યો છે.

● શહેરમાં ઠેર ઠેર પાણી ભરાઈ જવાને કારણે અને ગંદકીને લઈ મોર્નિંગ વોકર્સ તેમજ ઈવનીંગ વોકર્સની સંખ્યામાં ભારે ઘટાડો નોંધાયો છે.

● આજથી પર્યુષણ પર્વનો પણ આરંભ થઈ રહ્યો હોવાથી શહેર-જિલ્લાના જૈન પરિવારોમાં પણ અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

## પાવન પર્યુષણ

પ.પૂ.આચાર્ય ભગવન્તશ્રી નરરત્ન સૂરીશ્વરજી મ. સાહેબની અમૃતવાણી

### પાવન કરે એ પર્યુષણ

ભારતીય સંસ્કૃતિએ અલ્પહિંસક સંસ્કૃતિ છે. સૃષ્ટિના કોઈ પણ અંગને પરેશાની ન થાય એવી જીવન પધ્ધતિનું બીજુ નામ એટલે ભારતીય સંસ્કૃતિ આ સંસ્કૃતિના પ્રારંભ કાળથી જ જૈન ધર્મનો તેની સાથે ગાઢ સંબંધ રહ્યો છે. જૈન તિર્થકર શ્રી ઋષભદેવ પરમાત્મા એ જ આ સંસ્કૃતિનું સર્જન




કર્યું છે. ભગવાનશ્રી ઋષભદેવ પરત્માએ દિક્ષા ગ્રહણ બાદ એક હજાર વર્ષની કઠોર સાધના કરી અને પોતાના આત્મા પરના તમામ કર્મ પડેલાને નષ્ટ કરી કેવળ જ્ઞાન પ્રાપ્ત કર્યું અને ધર્મ વ્યવસ્થાને પ્રસ્થાન કર્યું ત્યારથી માંડીને આજ સુધીમાં કુલ ચોવીસ તીર્થંકર પરમાત્મા થયા. શ્રી મહાવીર સ્વામી ભગવાન જૈન ધર્મના ચોવીસમા તિર્થંકર થયા આજથી પચીસો વર્ષ પૂર્ણ થયેલ ભગવાન મહાવીરે પોતાના દિવ્ય કેવળજ્ઞાનથી સમગ્ર સૃષ્ટિ શા કારણે દુઃખી છે? એ જોઈ એના ઉપાય સ્વરૂપ અહિંસા અપરિગ્રહ અને અનેકાન્ત જેવા સિધ્ધાંતોનો પ્રરુપણ કર્યું. આ સિધ્ધાંતે જીવનમાં પ્રત્યેક પ્રસંગે કેવી રીતે ઉપયોગી બને એ માટેની સમજણ પણ ભગવાને પોતાની દેશનામાં સમજાવી આ બાબતે તેમના શિષ્યોએ અને તેમની પરંપરામાં થયેલા પ્રશિષ્યાદિ જૈનચાર્યોએ ગ્રંથોમાં સમાવી લીધી. આજે ભૌતિક દુનિયામાં ગળાડુબ બનેલી જનતા ધર્મસ્થાનોને આઉટડેટેડ ગણે છે ત્યારે આ વાત યાદ રાખવા જેવી છે કે ગ્રહશાંતિથી માંડીને અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, રાજનિતી, વિજ્ઞાન, ઈતિહાસ ભાષા કળા ઉદ્યોગથી માંડીને વિશ્વશાંતિ જેવા જટિલ વિષયોના સચોટ સરસ સમીકરણો જૈન શાસ્ત્રોમાં રજુ કર્યા છે. બસ ગુરુ પરંપરાથી તે શાસ્ત્રો વાંચી સમજી અને આચરણમાં મુકાય તે જરૂરી છે. આજથી શરૂ થતા પર્યુષણ પર્વના પ્રથમ દિવસે જૈન મુનિઓ પર્વમાં આચરવાના પાંચ કર્તવ્યો રજુ કરશે. અમારી પ્રવર્તન (અહિંસાનું પાલન) મારી એટલે હિંસા, અમારી એટલે હિંસા અધર્મ છે, પાપ છે, જયારે અહિંસા ધર્મ છે પુણ્ય છે. સાધર્મિક, ભકિત, ક્ષમાપના, અટ્ટમતપ, ચૈત્યપરિપાઠી આ પાંચ કર્તવ્યો અંગેની વિષાદ છણાવટ જૈનાચાર્ય રજુ કરે છે. આ અદભુત કર્તવ્યો જીવનમાં નવા પ્રકારની ઉર્જા અર્પણ કરે છે.

# માણસાની મોતીપુરા ડેરી અને મંડળીમાં રાત્રે તસ્કર ટોળકી ત્રાટકી

**ડેરીના તાળા તોડી અને સહકારી મંડળીની બારીની ગ્રીલ તોડી બંને સ્થળેથી મળી ૬૧ હજારની રોકડ મત્તાની ઉઠાંતરી : સીસીટીવી કેમેરા સીસ્ટમમાં તોડફોડ**

ગાંધીનગર, તા. ૨૮

માણસાના મોતીપુરા (વેડા) ગામની સહકારી મંડળી તથા દૂધ ઉત્પાદક મંડળી (ડેરી) બંને સ્થળોએ તાળા તોડી તસ્કરોએ તરખાટ મચાવ્યો હતો. રાત્રી દરમ્યાન ત્રાટકેલા તસ્કરો ડેરીના દરવાજાનો નકુચો તોડી અંદરથી રૂ. ૨૨ હજાર રોકડ અને મંડળીની બારીની ગ્રીલ તોડી અંદરથી રૂ. ૩૯ હજાર રોકડ મળી ર. ૬૧ હજારની રોકડ મત્તાની ઉઠાંતરી કરી ગયા. સીસીટીવી કેમેરા સીસ્ટમમાં તોડફોડ કરી પલાયન થઈ ગયા હતા. માણસા પોલીસે મંડળીના સેક્રેટરીની ફરીયાદને આધારે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ માણસાના મોતીપુરા (વેડા) ગામની સેવા સહકારી મંડળી અને દૂધ ઉત્પાદક મંડળી (ડેરી)ને ગઈ રાત્રી દરમ્યાન તસ્કરોએ નિશાન બનાવી હતી. ગઈ સાંજે ડેરી અને મંડળીને તાળા લગાવ્યા બાદ સેક્રેટરી મહેશભાઈ પટેલ થઈ જવા નીકળ્યા હતા. આજે સવારે છ વાગ્યાના અરસામાં ડેરી ખોલવા અરવિંદભાઈ રામાભાઈ ગયા અને જોયુ તો ડેરીના મુખ્ય દરવાજાનો નકુચો તોડી તીજોરી તોડી હોવાનું ધ્યાને આવ્યુ હતુ. તિજોરીમાંથી રૂ. ૨૨ હજાર રોકડા તથા સહકારી મંડળી તરફ નજર નાંખતા તેની બારીની ગ્રીલ તુટેલી દેખાઈ હતી. તેમાંથી રૂ. ૩૯ હજાર રોકડા ચોરી કરી લીધા હોવાનું જાણવા મળ્યુ છે. રાજીવ ગાંધી ભવન ખાતે સીસીટીવી કેમેરા લાગેલા છે તે કેમેરાનું ડીવીઆર પણ ચોરી કરી વાયરો તોડી નાંખ્યા હોવાનું ધ્યાને આવ્યું છે. ડેરી અને મંડળીમાંથી રૂ. ૬૧ હજારની રોકડ મત્તાની ચોરી અંગે સેક્રેટરી મહેશભાઈએ ફરીયાદ આપતા પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

### ગામમાં પાંચ મકાનોના પણ તાળા તુટ્યા

ગામની ડેરી અને મંડળીમાં ચોરીના સમાચાર સાંભળી સવારે વહેલા ગ્રામજનો ભેગા થઈ ગયા હતા ત્યારે ગ્રામજનોના ટોળામાંથી એક પછી એક પાંચ મકાન માલીકોએ પણ પોતાના મકાનના તાળા રાત્રે તુટ્યા હોવાની વાત કરી હતી. રાત્રે ગામમાં ઘુસેલા તસ્કરો વિષ્ણુભાઈ મંગળદાસ પટેલ, સોમાભાઈ મંગળદાસ પટેલ, બિપીનભાઈ સેંધાભાઈ પટેલ, બળદેવભાઈ સોમાભાઈ પટેલ અને દશરથભાઈ રામાભાઈ પટેલના મકાનમાં પણ ઘરફોડ ચોરીનો નિષ્ફળ પ્રયાસ થવા પામ્યો હોવાનો ફરીયાદમાં ઉલ્લેખ છે.

## આજે જિલ્લા કોંગ્રેસની વિસ્તૃત કારોબારી બેઠક મળશે

અખિલ ભારતીય કોંગ્રેસનાં રાષ્ટ્રીય ઉપાધ્યક્ષશ્રી રાહુલ ગાંધીના નિર્દેશથી દર માસે પ્રદેશ/જિલ્લા/તાલુકા કક્ષાએ કારોબારીની બેઠકો યોજવાના ભાગરૂપે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસની વિસ્તૃત કારોબારી બેઠક તા. ૨૯ ઓગસ્ટના રોજ બપોરે ૩ કલાકે લગ્નવાડી, સેક્ટર-૨૮, ગાંધીનગર ખાતે પ્રદેશ કોંગ્રેસનાં ઉત્તર ગુજરાત ઝોનના પ્રભારી શ્રી લાખાભાઈ ભરવાડ, જીલ્લાના પ્રભારી બળવંતસિંહ રાજપૂત, રમેશભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં અને ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખશ્રી સૂર્યસિંહ ડાભીના અધ્યક્ષ પદે યોજનાર છે. જેમાં જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર, ધારાસભ્યો સર્વ બળદેવજી ઠાકોર, અમિતભાઈ ચૌધરી, શ્રીમતી કામિનીબા રાઠોડ, જશુભા રાણા, શ્રી ડૉ. સી. જે. ચાવડા વિગેરે આગેવાનો ઉપરાંત તાલુકા/શહેર કોંગ્રેસના પ્રમુખશ્રીઓ, તાલુકા-જિલ્લા પંચાયત-નગરપાલિકાના પ્રમુખશ્રીઓ/નેતાશ્રીઓ/ચેરમેનશ્રીઓ / સદસ્યશ્રીઓ ફ્રન્ટલ ઓર્ગેનાઈઝેશન અને વિવિધ સેલ-ડીપાર્ટમેન્ટના વડાશ્રીઓ સહિત અનેકવિધ ક્ષેત્રના આગેવાનો ઉપસ્થિત રહેનાર છે. જેમાં સ્વામીનારાયણ સંપ્રદાયના આધ્યાત્મિક ગુરુ સ્વ. પ્રમુખ સ્વામી મહારાજને શ્રધ્ધાંજલિ અર્પી શોક ઠરાવ સહિત અનેક ઠરાવો પસાર કરાશે. વિકાસ કાર્યો, ગ્રાન્ટની ફાળવણીની સમીક્ષા અને અમલીકરણ, બુથ સમિતિઓની રચના પૂર્ણ કરવા, પક્ષના વિવિધ કાર્યક્રમો તેમજ ધાર્મિક અને સામાજિક પર્વોની ઉજવણી, જિલ્લા પંચાયત બેઠકવાર ચિંતન બેઠકો અને નાના સંમેલનો ઉપરાંત અધ્યક્ષ સ્થાનેથી રજુ થાય તે મુદ્દા અન્વયે ચર્ચા વિચારણા કરીને નિર્ણયો લેવામાં આવશે.

# PM બન્યા પછી નરેન્દ્ર મોદીની છઠ્ઠી મુલાકાત સૌરાષ્ટ્રમાં ચૂંટણી સભા જેવો માહોલ ઉભો થશે




ગુજરાતમાં નેતૃત્વ પરિવર્તન પછીની પહેલી અને પ્રાઈમ મિનિસ્ટર બન્યા પછીની છઠ્ઠી મુલાકાત લેનારા નરેન્દ્ર મોદી સૌરાષ્ટ્રમાં ચૂંટણી સભા જેવો માહોલ ઉભો કરશે. ૩૦મી ઓગષ્ટના રોજ તેઓ જામનગર જિલ્લામાં સૌની યોજના હેઠળ પંથકના ૧૧ જળાશયોમાં નર્મદાના પાણી ભરવાના એક કાર્યક્રમમાં આવી રહ્યાં છે. જો ચૂંટણી સભા જેવો માહોલ સર્જાશે તો ૨૦૧૭ની વિધાનભાની ચૂંટણીના પ્રચારનો એ પહેલો ઘા હશે. ગુજરાતમાં ૨૦૧૫માં જ્યારે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી હતી ત્યારે મોદી ચૂંટણી પ્રચારમાં આવ્યા ન હતા. તેમણે છેલ્લો ચૂંટણી પ્રચાર ૨૦૧૪ની ચૂંટણીમાં કર્યો હતો. હવે ૨૦૧૭ માટે તેઓ સજ્જ થયા છે. મોદી વિનાના ગુજરાતને 'મોદીમય' કેવી રીતે બનાવવું તેની સમજણ પ્રદેશના નવા નેતાઓને તેઓ આપશે. ગુજરાત ભાજપના હાથમાંથી વોટબેન્ક સરકી રહી છે તેવા સંજોગોમાં મોદીની આ મુલાકાત અતિ મહત્વની બની જાય છે.

### પાંચ પાંડવો બન્ને પાર્ટીમાં છે અને બન્નેની ડિમાન્ડ ભગવાન શ્રીકૃષ્ણ છે...

**ગુજરાતમાં ભાજપના બન્ને ચીફ નવા છે...**

ગુજરાતમાં ભાજપના બન્ને ચીફ નવા છે. મુખ્યમંત્રી વિજય રૂપાણી પહેલીવાર કેબિનેટ મંત્રી બન્યા, પહેલીવાર પ્રદેશ પ્રમુખ બન્યા અને પહેલીવાર મુખ્યમંત્રી પણ બન્યા છે. આ ત્રણ સિદ્ધિઓ તેમણે એક વર્ષના ગાળામાં સિદ્ધ કરી છે. બીજી તરફ પાર્ટીના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી પણ નવા છે. યુવા કાર્યકર અને યુવા નેતાની છાપ ધરાવતા ભાવનગરના ધારાસભ્યના હાથમાં વિધાનસભાની ૨૦૧૭ની ચૂંટણીની કમાન છે. તેઓ યુવા અને મહિલાઓને આગળ આવવાની તક આપવા માગે છે. મોદી અને અમિત શાહના રસ્તે તેઓ ચાલે છે. આ બન્ને દિગ્ગજોને તેઓ ખાસ આદમી છે, આમ છતાં ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી પ્રચારમાં નરેન્દ્ર મોદી અને અમિત શાહના માસ્કની ફેશન લાવવી પડશે તેવું લાગી રહ્યું છે. સૌરાષ્ટ્રના બે નેતાઓને લોકપ્રિય બનવા માટે ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત તેમજ દક્ષિણ ગુજરાતનું સૌથી વધુ ભ્રમણ કરવું પડે તેમ છે.

**બન્ને પાર્ટીમાં પાંચ પાંડવો, કૃષ્ણ ક્યાં છે...**

ગુજરાતમાં બન્ને પાર્ટીમાં પાંચ પાંડવો છે. ભાજપમાં યુધિષ્ઠીરની ભૂમિકામાં વિજય રૂપાણી છે. ભીમની ભૂમિકામાં જીતુ વાઘાણી છે. અર્જુનની ભૂમિકામાં નિતીન પટેલ છે. સહદેવની ભૂમિકામાં ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા છે અને નકુલની ભૂમિકામાં શંકર ચૌધરી છે. આનંદીબહેન પટેલ પાસે ભિષ્મ પિતામહનો રોલ આવ્યો છે. બીજી તરફ કોંગ્રેસમાં આ તમામ ભૂમિકાઓમાં શંકરસિંહ વાઘેલા, ભરતસિંહ સોલંકી, શક્તિસિંહ ગોહિલ, અર્જુન મોઢવાડિયા અને સિદ્ધાર્થ પટેલ છે. કોંગ્રેસ પાસે ભિષ્મની ભૂમિકા અહમદ પટેલ પાસે છે. સવાલ એ થાય છે કે મતદારરૂપે ભગવાન શ્રીકૃષ્ણ ક્યાં છે... તેઓ જેને સાથ આપશે તેનો વિજય નિશ્ચિત છે. જો કે પરપ્રાંતના એક રાજા- આમ આદમી પાર્ટીના ચીફ અરવિંદ કેજરીવાલ યુદ્ધના મેદાનમાં આવ્યા છે. શ્રીકૃષ્ણ તેમની પણ તરફદારી કરી રહ્યાં હોય તેવો હાલનો માહોલ છે.

**મોટી બહેનનું પોસ્ટીંગ થઇ શક્યું નથી...**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સૂચનાથી ગુજરાત પ્રદેશ ભાજપે પાર્ટીના અસંતુષ્ટ નેતાઓને સેટ કરવાનો આદેશ તો કર્યો છે પરંતુ મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપનારા આનંદીબહેન પટેલનું પોસ્ટીંગ થઇ શક્યું નથી. મોદી માટે જેમણે બેઠક ખાલી કરી આપી તેમને રિવોર્ડ મળ્યા છે. રાજકોટમાં વજુભાઇ વાળાએ પહેલીવાર મોદી માટે બેઠક ખાલી કરી આપી ત્યારે તેમણે તે સમયે પ્રદેશ પ્રમુખ બનાવ્યા હતા. મોદીએ બેઠક બદલીને મણીનગર પસંદ કર્યું ત્યારે વજુભાઇ વાળાને કેબિનેટ મંત્રી બનાવ્યા હતા. વજુભાઇ હાલ કર્ણાટકના ગવર્નર છે, જ્યારે મોદી માટે મણીનગરની બેઠક ખાલી કરી આપનારા કમલેશ પટેલ ગુજરાત ટુરિઝમ કોર્પોરેશનના ચેરમેન છે. આનંદીબહેન માટે કહેવાતું હતું કે તેમને કોઇ રાજ્યના રાજ્યપાલ બનાવવામાં આવશે પરંતુ આ પદ માટે હજી તેમની પસંદગી થઇ શકી નથી. સંભવ છે કે તેમણે ખુદ ગવર્નર પદ પસંદ કર્યું નથી.

**સપ્ટેમ્બરમાં વહીવટી ફેરફારોના સંકેત...**

### 'બહું થયા અભિવાદન સમારોહ, હવે ચૂંટણીલક્ષી કામ કરો'ના આદેશ...

સપ્ટેમ્બર મહિનામાં વહીવટી ફેરફારોના સંકેત જોવા મળી રહ્યાં છે. મુખ્યમંત્રી વિજય રૂપાણી જિલ્લા કલેક્ટરો, જિલ્લા વિકાસ અધિકારીઓ, મ્યુનિસિપલ કમિશનર, બોર્ડ-કોર્પોરેશનના ઉચ્ચ અધિકારીઓ અને સરકારના વિવિધ વિભાગના વડાનો હાલ અભ્યાસ કરી રહ્યાં છે. કોને ક્યાં મૂકવા, ક્યા ઓફિસરને કઇ જવાબદારી આપવી તેની યાદી તૈયાર કરી રહ્યાં છે. આ પરામર્શમાં તેઓ તેમના ચીફ પ્રિન્સિપલ સેક્રેટરી કે. કૈલાસનાથનનો સાથ લઇ રહ્યાં છે. વિધાનસભાની ચૂંટણીને હજી વાર છે. જીએસટીનો અમલ શરૂ થવાની તૈયારીમાં છે ત્યારે મુખ્યમંત્રી વચગાળાની બદલીઓ કરવાની તૈયારીમાં છે. ગુજરાત વાયબ્રન્ટ ઇન્વેસ્ટર્સ સમિટ ૨૦૧૭ જાન્યુઆરી મહિનામાં આવે છે. ઉદ્યોગ વિભાગના ચીફ બદલાયા છે પરંતુ તેમના પછીના ઉદ્યોગ વિભાગના અન્ય સિનિયર અધિકારીઓ બદલવાના બાકી છે. રૂપાણી પહેલું કામ ઉદ્યોગ વિભાગની સફાઇનું કરી શકે તેમ છે, કારણ કે આ સમિટમાં નરેન્દ્ર મોદીને સત્કારવા માટે અતિ કુશળ અને અનુભવી ઓફિસરોની વિજય રૂપાણીને જરૂર પડવાની છે.

**જ્વેલરી માર્કેટમાં મોટો ભૂકંપ આવી રહ્યો છે...**

સોનાના ભાવ આસમાને છે ત્યારે જ્વેલરી બજારમાં એકદમ સસ્તુ સોનું આવી રહ્યું છે. થોડાક વરસો પૂર્વે ×બગસરાના દાગીના× ભારે હલચલ મચાવી હતી પરંતુ એ મેટલની કાયમી ગુણવત્તા અને સરળ ઉપલબ્ધિના અભાવે બજારમાં ચાલી નહોતી. ગયા મહિને જ્વેલરી બનાવવા માટે વપરાઈ શકે તેવી નવી અને પ્રેસિયસ મેટલ ''લૂમિનક્ષ ઉનો''ના નામે લોન્ચ થતાં જ જ્વેલરી માર્કેટમાં હડકંપ આવ્યો છે. આ મેટલના પ્રાયોજકો ''લીડીંગ જ્વેલર્સ ઑફ વર્લ્ડ''એ દાવો કર્યો છે કે, સોનું, ચાંદી, પ્લેટીનિયમ અને પેલેડીયમના મિશ્રણથી બનાવાયેલી આ લકઝરીયસ મેટલમાંથી આધુનિક અને ટ્રેડિશનલ દાગીના બનાવી શકાશે. આ મેટલ ગોલ્ડન યલો, પ્લેટિનિયમ વ્હાઈટ અને પિંક કલરમાં એક જ ભાવ!. ટૂંક સમયમાં એક ગ્રામના ૧૨૫ રૂપિયાના ભાવે લગડીઓ અને સિક્કા સ્વરૂપે દેશના ૫૦ શહેરોમાં ઉપલબ્ધ થશે જે સોના અને પ્લેટીનિયમ જેવી કિંમતી ધાતુનો સસ્તો વિકલ્પ બનશે. આ મેટલમાંથી બનેલા દાગીનાઓના કલર અને ચમક કાયમી જળવાઈ રહેશે...

### ૧૩૦૦ રૂપિયે તોલો સોનું આવી રહ્યું છે, જ્વેલરી માર્કેટમાં ભૂકંપ સર્જાશે...

**દુનિયાનું સૌથી મોટું મોતી, કિંમત ૬૭૦ કરોડ...**

દુનિયામાં સૌથી મોંઘા મોતીની કિંમત ૨.૩ અરબ રૂપિયા હતી અને તેનું નામ પર્લ ઓફ અલ્લાહ હતું. આ મોતીનું વજન ૬.૪ કિલોગ્રામ હતું પરંતુ હવે એક નવું મોતી શોધાયું છે અને તે ફિલિપિન્સના એક માછીમારને દરિયામાંથી મળ્યું છે. તેણે પથ્થર સમજી મૂકી રાખ્યું હતું અને એક અધિકારીને આપી દીધું હતું. આ અધિકારીને ખબર પડી કે આ પથ્થર નહીં મોતી છે તેથી તેણે કિંમત કઢાવી તો તે ખુદ દંગ રહી ગયો. આ મોતીનું વજન ૩૪ કિલોગ્રામ છે અને તેની કિંમત ૬૭૦ કરોડ આંકવામાં આવી છે. આ મોતી માટે દાવો કરવામાં આવ્યો છે કે તેને વિશ્વનું સૌથી વજનદાર અને મોંઘુ મોતી તરીકે ઘોષિત કરવામાં આવે.

**હવે ગુજરાતીઓનો જમાનો આવ્યો છે...**

ગુજરાતીઓનો ફરી એકવાર જમાનો આવ્યો છે. ધીરૂભાઇ અંબાણીએ ગુજરાતીનું ગૌરવ છે. તેમણે તેમની કંપની રિલાયન્સને વિશ્વમાં મશહૂર બનાવી હતી. ભારતના બીજા ગુજરાતી વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિશ્વના ટોચના પોલિટીશ્યન બની ચૂક્યાં છે. બીજા ગુજરાતી અમિત શાહના હાથમાં ભાજપની કમાન છે. ત્રીજા ગુજરાતી ઉર્જીત પટેલની પાસે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાનો વહીવટ આવી રહ્યો છે. તારક મહેતાના ઉલ્ટા ચશ્મા- એક ગુજરાતી ટીવી ચેનલ છે. આ ચેનલના ગુજરાતી કલાકારોની સેલેરી પણ જાણવા જેવી છે. દિલીપ જોષી ઉર્ફ જેઠાલાલ રોજના ૫૦,૦૦૦ રૂપિયા કમાય છે. દિશા વાકાણી ઉર્ફ દયા રોજના ૪૦,૦૦૦ કમાય છે. અમિત ભટ્ટ એટલે કે ચંપકલાલ ૩૫,૦૦૦, ભવ્ય ગાંધી એટલે કે ટપુ ૧૦,૦૦૦, શૈલેશ લોધા એટલે કે તારક મહેતા ૩૨,૦૦૦, નેહા મહેતા એટલે કે અંજલિ ૨૫,૦૦૦ કમાય છે. આ સિરિયલની બીજી મુખ્ય હિરોઈન બબિતા એટલે કે મુનમુન દત્તને પ્રતિ દિન ૩૦,૦૦૦ની કમાણી મળે છે. આ સિરીયલે ૨૦૦૦ એપિસોડ પૂરા કર્યા છે.

**અભિવાદન સમારંભ ખત્મ, હવે કામ કરો...**

નવી ગુજરાત સરકારનો અભિવાદન સમારોહ પૂર્ણ થયો છે. હવે મુખ્યમંત્રી અને તેમની કેબિનેટ કામ કરવા લાગી ચૂકી છે. ''પોલિટીકલ ગુરૂ'' નરેન્દ્ર મોદીના કહેવાથી મુખ્યમંત્રીએ હવે વહીવટી તંત્ર અને પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીએ પાર્ટીના સંગઠનને ચૂંટણીલક્ષી બનાવવાની શરૂઆત કરી છે. નવી સરકારનો હનિમૂન પિરીયડ પણ હવે તો પૂર્ણ થયો છે. વિભાગોના કામની વહેંચણી કરી દેવામાં આવી છે. કેબિનેટમાં મંત્રીઓને તેમના વિભાગના ટારગેટ આપવાની વ્યૂહરચના તૈયાર કરવામાં આવી છે. ''વાતો કે મિટીંગ નહીં, પર્ફોર્મન્સ આપો'' તેવી સૂચના હાઇકમાન્ડે આપ્યા પછી સરકાર લોકોના કામ અને સરકારી યોજનાઓ પ્રતિ જાગૃત બની હોવાનો અહેસાસ સચિવાલયના સ્વર્ણિમ સંકુલમાં પ્રવેશતાં જ થઇ રહ્યો છે.

**૨૦૧૭ માટે અમિત શાહનો ટારગેટ ૧૪૧ કેમ ...**

નવી દિલ્હીમાં ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીની બેઠકમાં પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી અને પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીને ૨૦૧૭ની ચૂંટણીમાં ૧૪૧ બેઠકોમાં વિજયી બનવાનો ટારગેટ આપી દીધો છે. મોદીના ગુજરાત વખતે પણ આટલી બેઠકો આવી શકી નથી તો નવા મુખ્યમંત્રીને ૧૪૧ બેઠકો કેમ.. એવો પ્રશ્ન થાય તે સ્વાભાવિક છે. ચૂંટણી પ્રચારના તમામ દિવસો મોદી ગુજરાતમાં મુકામ રાખે તો પણ આટલી બેઠકો શક્ય નથી, કારણ કે મોદી કરિશ્મા સમયે ૨૦૦૨, ૨૦૦૭ અને ૨૦૧૨માં કોંગ્રેસને ૫૫ થી ૬૦ બેઠકો મળી છે. ભાજપ ૧૧૦ થી ૧૨૧ની વચ્ચે રહ્યું છે. ગુજરાતના ૫૬ વર્ષના ઈતિહાસમાં કોંગ્રેસના એકમાત્ર માધવસિંહ સોલંકી ૧૪૯ બેઠકો લઈ આવ્યા હતા અને એ પણ ઈન્દિરા ગાંધીની સહાનુભૂતિનું મોજું હતું. આ ટારગેટ કાર્યકરોને ઉત્સાહમાં લાવવા માટેનો હોઇ શકે છે, બાકી દાવો તો કોંગ્રેસ પણ ૧૦૦ બેઠકોનો કરે છે...!!